| Newspaper | Page No. | Date |
|---|---|---|
| Akila | 04 | 19-06-2014 |



**જામનગર એસ્સાર ફાઉન્ડેશન દ્વારા શાળા પ્રવેશ ઉત્સવ ૨૦૧૪ની ઉજવણી :** જામનગર : એસ્સાર ફાઉન્ડેશનની કામગીરી માટે શિક્ષણ ઘણુ મહત્વનું સ્થાન ધરાવે છે. આ વર્ષે એસ્સાર ફાઉન્ડેશન તા. ૧૨ થી ૧૪ જૂન દરમ્યાન શાળા પ્રવેશ ઉત્સવ ૨૦૧૪ની ઉજવણીમાં સામેલ થયુ હતું. એસ્સાર ઓઈલની રીફાઈનરી અને પાવર પ્લાન્ટ આસપાસનાં ગામોમાં કરવામાં આવી હતી. આ સમારંભનું આયોજન જામનગર અને દેવભૂમિ દ્વારકાના જીલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) શ્રી વિજય ખરાડી (આઈએએસ) ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે વિવિધ સરકારી વિભાગોના સિનિયર અધિકારીઓ પણ હાજર રહ્યા હતા અને તેમણે શાળા પ્રવેશના મહત્વ અંગે વાત કરવા ઉપરાંત આ પ્રયાસની કદર કરી હતી. ગુજરાત સરકારનો અભિગમ પણ શાળા પ્રવેશ ઉત્સવને વિશેષ અગ્રતા આપવાનો રહ્યો છે. આ ઉજવણી દરમ્યાન બાળકોને સ્કૂલકીટ વેહેંચીને તેમને શાળામાં દાખલ થવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ફાઉન્ડેશને પોતાની પરંપરા આગળ ધપાવીને ખંભાળીયા અને લાલપુર તાલુકાઓમાં ૨૧૦૦ જેટલા સ્કુલ કીટનું વિતરણ કર્યુ હતું અને એ દ્વારા ખાસ કરીને કન્યા શિક્ષણને પ્રોત્સાહિત કરવાનું મહત્વનું કદમ ઉઠાવ્યુ હતું. વિશ્વસ્તરના ઉદ્યોગ જૂથ એસ્સારની સીએસઆર વીંગ એસ્સાર ફાઉન્ડેશન એની તમામ પ્રવૃતિઓ સામાજીક જવાબદારી અદા થાય તે રીતે હાથ ધરે છે. એસ્સાર ફાઉન્ડેશનની સ્થાપના કોર્પોરેટ સામાજીક જવાબદારીને વિશેષ મહત્વ આપવા તથા તેનો વ્યાપ વધારવાના ઉદ્દેશથી કરાઈ છે. ફાઉન્ડેશને ચાર - પીનું મોડલ અપનાવ્યુ છે. જેમાં ભવિષ્યલક્ષી અભિગમ અપનાવવા માટે પીપલ, પાવર, પ્રોગ્રેસ અને પેશન (લોકો, શકિત, પ્રગતિ અને ભાવના) નો સમાવેશ થાય છે. ફાઉન્ડેશનની કામગીરીને સુશાસન અને સમાનતાની દ્દષ્ટિએ ૬ મુખ્ય ક્ષેત્રોમાં વહેંચી નાખવામાં આવી છે. જેમાં રોજગારી અને ઉદ્યોગસાહસિકતા, મહિલા સશકિતકરણ, આરોગ્ય શિક્ષણ, માળખાગત સુવિધાઓ અને પર્યાવરણનો સમાવેશ થાય છે. અમે હાલમાં ભારતનાં ૮ શહેરમાં હાજરી ધરાવીએ છીએ અને અમારી કામગીરી દ્વારા પાંચ લાખ લોકોના જીવનને સ્પર્શીએ છીએ. સંસ્થા દ્વારા જે પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે તેમાં આરોગ્ય, શિક્ષણ મહિલા સશકિતકરણ, રોજગારી અને સમગ્રપણે સામુદાયિક સંભાળનો સમાવેશ થાય છે. હાલમાં અમે એસ્સાર રીફાઈનરી, વીજમથક અને પોર્ટની આસપાસના ૧૭ ગામોમાં સક્રિય છીએ. એસ્સાર ફાઉન્ડેશન એ બિઝનેસની કામગીરીમાં કોર્પોરેટ સામાજીક જવાબદારીના સર્વોચ્ચ ધોરણો જાળવા માટે કટીબદ્ધ એસ્સાર જૂથની કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સીબલીટી શાખા છે અને તે આસપાસના લોકોના જીવનમાં પરીવર્તન લાવવાનો ઉદ્દેશ ધરાવે છે. એસ્સાર ફાઉન્ડેશન તેના મહત્વના સહયોગીઓ અને ખાસ કરીને સ્થાનિક વહીવટી તંત્ર અને સંસ્થાઓ સાથે સહયોગ દ્વારા શિક્ષણ, રોજગારી, મહિલા સશકિતકરણ અને આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરે છે. આ પ્રયાસો કંપની ધારા ૨૦૧૩ હેઠળ યુએન મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ અને પ્રોવિઝન્સ હેઠળ હાથ ધરાય છે. તે ભારતના ૮ રાજયોના અંદાજે ૫૦૦ ગામોના ૧૦ લાખથી વધુ લોકો માટે અસરકર્તા નીવડે છે. ફાઉન્ડેશને જૂથના વ્યાપક વિઝન સાથે બંધ બેસે તે ચાર - પીનું મોડલ અપનાવ્યુ છે. ચાર 'પી' એટલે કે કેન્દ્રસ્થાને લોકો (પીપલ), સમાન ધ્યેય માટે કામ કરવાની શકિત (પાવર) મહત્વકાંક્ષાઓ હાસલ કરવામાં પ્રોગ્રેસ (પ્રગતિ) અને કરૂણા સાથે ની ભાવના (પેશન) નો સમાવેશ થાય છે.(૩૭.૫)